Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैनधर्मप्रकाश

# JAINA DHARMA PRAKASHA.

પુ. ૧૩ મું સંવત. ૧૯૫૩ના જેઠ સુદ ૧૫ અંક ૩ જો

मालिनी

मनसि वचसि काये, पुण्य पीयूषपूर्णा, ।
त्रिभुवनमुपकार श्रेणिभिः प्रीणयंतः ॥
परगुणपरमाणून्, पर्वती कृत्य नित्यं ।
निज हृदि विकसंतः संति संतः कियंत ॥१॥

प्रगट कर्त्ता.

जैनधर्मप्रसारकसभा.

ભાવનગર.

શકે ૧૮૧૯ સને ૧૮૯૭

અમદાવાદ—"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસ."માં
નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપી પ્રસિદ્ધ કર્યું
મુલ્ય વર્ષનો રૂ૧) પોષ્ટેજ ત્રણ આના
છુટક અંક એકના બે આના.

For Private And Personal Use Only

## अनुक्रमणिका.


વિષય પૃષ્ઠ

૧. ગાનને ઉપદેશ. (પદ્ય)

૨ સજ્ઝાય કુટુંબ કથા.

૩ મુનિરાજશ્રી વલ્લભવિજયજીએ ડાકતર હોર્નલને આપેલો હિતોપદેશ.

૪ મોહ શું કરે છે?

૫ નિરિયાવલિકાસૂત્ર.


**ચોપાનીયું રખડતું મુકીને આશાતના કરવી નહીં.**

---

## ગ્રાહકોને ભેટ.

# मुनिराज श्रीवृद्धिचंदजी जन्म चरित्र.

ગયા વર્ષની ભેટ તરીકે નિર્માણ કરેલું આ ચરિત્ર છપાઈ તૈયાર થાયછે; છપાઈ બહાર પડયેથી લવાજમ મોકલનારા સર્વે ગ્રાહકોને તરતજ રવાને કરશું માટે લવાજમ ના મોકલ્યું હોય તેમણે તરતજ મોકલાવવું ભેટના પોસ્ટેજ માટે અરધો આનો વધારે મોકલવો.

તંત્રી.

---

## શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર.

### પર્વ ૩ જું

અને ત્રીજું ને ચોથું જેમાં ૧૩ તીર્થંકર, ૨ ચક્રવર્તિ, ૫ વાસુદેવ, ૫ બળદેવ ને ૫ પ્રતિવાસુદેવના ચરિત્રો આવશે. તેનો ચૈતર, વૈશાખનો પહેલો દ્વિમાસી અંક જેઠ માસમાં બહાર પડશે. કેટલીક અગવડના કારણથી વિલંબ થયો છે. આ ચરિત્રની રસીકતાને ઉપદેશકપણું અનહદ પ્રશંસનીય છે. કિંમત રૂ૧॥ પોસ્ટેજ સાથે. ભાવનગરના ગ્રાહકોને રૂ ૧।

તંત્રી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

જીનમતરસ રસનાગરી, પાનકરો પ્રતિમાસ;
રસિકજનો રસગમ્ય છે, વાંચી જૈનપ્રકાશ.

પુસ્તક ૧૩ મું. શક ૧૮૧૯ જેઠ શુદિ ૧૫. સંવત ૧૯૫૩ અંક ૩ જો.

# मनने उपदेश.

રાગ પીલુ.

હે મન મર્કટ શું ચિત નાણે, સાર રહિત ભવ બાર તું તાણે. હે મન૦ એ ટેક.
વિષમ આ વિષયો દુઃખકારી, સુખદ ગણે શું અંતરધારી; હે મન૦ ૧
મિથ્યા નિજ મોટપ તું જાણે, ગર્વ વૃથા ઉરમાં શું આણે. હે મન૦ ૨
મુઢ બની આ નર ભવ ટાળે, કુદી પડે કાં દુઃખની ખાણે, હે મન૦ ૩
જુઠાને તું સાચું માને, શુભ શિક્ષા ધરતું નથી કાને. હે મન૦ ૪
દારુણ[1] અંતક[2] તુજ શિર ગાજે, સમજ સમજ કહું તુજ શુભ કાજે. હે મન૦ ૫
મોહ તણે વશ થઇ તું ચાલે, દોષ લહી બહુ શું ફરી મ્હાલે. હે મન૦ ૬
ચપલવૃત્તિ તુજ ઉરમાં વ્યાપે, તે બહુ ભાર શરીરિને[3] આપે. હે મન૦ ૭
તું નિજ સુખના મૂલ શું કાપે, આપ આપણ થઇ અવગુણ ચાંપે. હે મન૦ ૮
સમજે તો શિક્ષા ગ્રહી લેજે, હરખી નગેંદ શિવમાં વહેજે. હે મન૦ ૯

---

૧ ભયંકર. ૨ મૃત્યુ, કાળ. ૩ પ્રાણીને.

For Private And Personal Use Only

# सकषाय कुटुंब कथा.

દુર્લભ પામવા યોગ્ય મનુષ્ય જન્મને પામીને આત્મસુખાર્થી પ્રાણીઓ સર્વદા ધર્મને વિષે યત્ન કરવો. તેમાં પણ દુષ્કર્મ બાંધવાના ઉપાયભૂત, સુખશ્રીમાં અંતરાયકારી અને તપસ્યામાં વ્યાધિ તુલ્ય કષાયોને તો સુજ્ઞજનોએ પ્રથમથીજ તજવા. સકષાયી મનુષ્ય ગુણવાન હોય તોપણ સજ્જનો તેનો સંગ ઇચ્છતા નથી કેમકે વિષયુક્ત ક્ષીર ભોજન કોઇપણ પ્રાણી વાંછતું નથી. જેમ પ્રજ્વલીત થયેલો અગ્નિ મોટા અરણ્યને પણ ક્ષણવારમાં બાળી દે છે તેમ કષાયને વશ થયેલ પ્રાણી જન્મ પર્યંત ઉપાર્જિત કરેલા તપને ભસ્મ કરી નાખે છે. જેમ નીલીવાસિત વસ્ત્રને વિષે કસુંબાનો રંગ ચડવો અશક્ય છે તેમ કષાયવડે કલુષિત ચિત્તવાળાને ધર્મનો રંગ દુઃસાધ્ય છે. જેમ અત્યંત-નીચ જાતિને અડેલ માણસ સ્નાનવારીવડે પણ શુદ્ધ થતો નથી તેમ સકષાયી પ્રાણી તપસ્યાવડે પણ શુદ્ધ થતો નથી. એક દિવસનો જ્વર તો માત્ર છ મહીનાના શારીરીક બળનુંજ હરણ કરે છે, પરંતુ ક્રોધ તો એક ક્ષણમાત્ર કરવામાં આવે તો ક્રોડ પૂર્વ પર્યંત કરેલા તપને હરણ કરે છે. સન્નિપાત જ્વરવાળા મનુષ્યની જેમ ક્રોધવડે વ્યાકુળ થયેલ મનુષ્ય કૃત્યાકૃત્યના વિવેકમાં વિદ્વાન હોય તોપણ જડ થઇ જાય છે. ઉત્કૃષ્ટ અને અત્યંત તપવડે દેવતાઓના મનનું આકર્ષણ કરનાર કરટનામના મુનિ **કોપ**વડે નરકમાં ગયા છે; વિવેકરૂપ લોચનનો ધ્વંસ કરવાવડે આત્માને અંધ કરનાર **'માન'** નામે અંધકાર પ્રાણીને નરકરૂપ ખાડામાં નાંખી દે છે; અત્યંત શક્તિવાન **વીર જિનેશ્વર** પણ સહજ માત્ર ગોત્રનું અભિમાન કરવાથી નીચ ગોત્રમાં અવતર્યા છે. જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય, બળ, રૂપ, તપ અને શ્રુતનું અભિમાન કરવાથી પ્રાણી તેની તેની હાની ભવે ભવે પામે છે. અસત્યની ખાણ, દોષરૂપ અંધકારનો પ્રસાર કરવામાં રાત્રી તુલ્ય અને અવિદ્યાની માતા **'માયા'** જે કે દુર્ગતિમાંજ લઇ જનારી છે, તે તજવા યોગ્ય છે. પૂર્વ જન્મમાં મહા કઠીણ તપ તપ્યા છતાં ભવ સમુદ્રનો પાર પામવા સમર્થ એવા **મલ્લીનાથ પ્રભુ** માયાવડે સ્ત્રીપણાને પામ્યા છે. દોષ માત્રનો આકર, સર્વ પ્રકારના સદ્ગુણરૂપ વૃક્ષોને બાળવાને અગ્નિ તુલ્ય અને કળીનું ક્રીડાગૃહ એવો **'લોભ'** પ્રાણીને કષ્ટ સમુદ્રમાં ક્ષેપન કરે છે. બીજા બારકોટ સંપત્તી ઐશ્વર્યના લોભવડે લવણ સમુદ્ર તરતાં તરતાં **સુભૂમ** ચક્રવર્તિ [illegible] પામ્યા છે. આ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે એકેક કષાયને આદરવાથી પણ **કુરટમુનિ, વીરજિન, મલ્લીનાથ** અને **સુભૂમ નરેશ્વર** મહા અનર્થને પામ્યા છે તો જ્યાં એક સાથે ચારે કષાય બળવત્તરપણે વર્તતા હોય તેની તો વાતજ શી કરવી? કષાયનો પરિહાર કરવાથી મનુષ્ય જગતમાં માનનીય થાય છે અને દેવતાઓ પણ તેને પૂજ્ય ગણે છે. આ ચારે કષાયો આત્મહિતૈષીઓએ આદરવા યોગ્ય નથી. તેના કટુક વિષયને બતાવી આપનાર અને કષાયો ભણી ખરેખરો ખેદ ઉત્પન્ન કરનાર **સકષાયી કુડુંગનું** દૃષ્ટાંત આ પ્રમાણે છે તે લક્ષ પૂર્વક વાંચો—

આ **જંબુદ્વિપના ભારતક્ષેત્રમાં** સ્વર્ગપૂરી સરખું ઋદ્ધિવાન **વિજયવર્દ્ધન** નામે નગર છે. તે નગરમાં ભદ્રક પ્રકૃતિવાળો, શ્રેષ્ઠ ગુણોની શ્રેણીનું પાત્ર, અને લક્ષ્મીવાન **રૂદ્રદેવ** નામે શ્રેષ્ઠિ વસે છે. તે ગુણવાન છતાં પણ રોષરૂપ દોષે કરીને દૂષિત થયેલો છે. જેમ લીંબડો ત્રણે દોષ (વાત, પિત્ત, કફ) ને હણનારો છે છતાં પણ કટુપણાના દોષે કરીને લોકોમાં દૂષિત ગણાય છે. તે **રૂદ્રદેવને** ભર્તારમાં ભક્તિવાળી અને ગુણવતી છતાં પણ અગ્નિશિખા સદૃશ રોષે કરીને **અગ્નિશિખા** નામને સાર્થક કરનારી સ્ત્રી છે. તે બંનેને નિમિત્તે કે અનિમિત્તે વારંવાર ક્રોધનો ઉદ્ભવ થયા કરતો હતો તેથી સ્નેહ યુક્ત આલાપસંલાપ કે હાસ્ય તેઓ પરસ્પર કયારે પણ કરતા નહોતા.

તેમને સાંસારિક સુખ ભોગવતાં અનુક્રમે **ડુંગર, કુડંગ** અને **સાગર** નામના ત્રણ પુત્રો થયા. તેઓ યૌવનાવસ્થા પામ્યા એટલે **શિલા, નિકૃતિ** અને **સંચયા** નામની ત્રણ ઉત્તમ પુત્રીઓ સાથે તેમનું અનુક્રમે પાણીગ્રહણ કરાવ્યું. તે શેઠ અને તેના ત્રણ પુત્ર મળીને ચારે જણાએ પોતપોતાની સ્ત્રીઓ સહીત જાણે ચારે કષાયને વેંચી લીધા હોય તેમ ચારે કષાયોનો અનુક્રમે એકેક જોડાનો આશ્રય કરીને રહ્યા હતા. **રૂદ્રદેવ** અને **અગ્નિશિખા** ક્રોધવડે વિકૃત મુખવાળા હોવાથી માંહોમાંહે તેમજ પોતાના પુત્રોમાં પણ કયારેય શિતળતાને પામતા નહોતા. **ડુંગર** અને તેની સ્ત્રી **શિલા** કઠોરતામાં મળી ગયા હોય તેમ માન આપવા યોગ્ય વડિલાદિકને વિષે પણ મસ્તક વડે કિંચિત્ માત્ર નમ્રતા ધારણ કરતા નહોતા. **કુડંગ** અને **નિકૃતિ** પોતાના સ્વજનોમાં પણ માયા પ્રપંચવડે ઠગવાની તત્પરતાવાળા હોવાથી કોઈના પણ વિશ્વાસપાત્ર થતા નહોતા. સમુદ્ર સરખા દુષ્પાર લોભમાં નિમગ્ન થયેલા **સાગર** અને **સંચયા** આખા જગતનું દ્રવ્ય પોતાને સ્વાધિન કરવાને ઇચ્છતા હતા. આ પ્રમાણે પૂર્વકર્મના અનુભાવથી થયેલા કષાયના પ્રબળ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદયથી ઉગ્ર રોગવડે જેમ દેહ વિડંબના પામે તેમ તે ચારે દંપતી અર્થાત્ તેનું કુટુંબ બધું વીડંબના પામતું હતું.

એકદા **રૂદ્રદેવ** પોતાની સ્ત્રીને સ્નેહ વડે કહેવા લાગ્યો કે—હે કાંતા! યૌવનાવસ્થા સંયમી પુરૂષોને પણ વિકારના બહુળપણાને ઉત્પન્ન કરનારી છે કહ્યું છે કે—

**यौव विकरोत्येव मनः संयमिनामपि ॥**
**राजमार्गेऽपि रोहंति, प्रावृट्काले किलांकुराः ॥१॥**

" સંયમી પુરૂષોનું મન પણ યૌવનમાં વિકાર કરે છે. જેમ વર્ષાઋતુમાં રાજમાર્ગમાં પણ અંકુરા ઉત્પન્ન થાય છે તેમ!"

હે પ્રિયા! આ તારા પુત્રો વિકારના બહુળપણાથી પોતાની સ્ત્રીઓને વશ થયેલા છે તેથી અત્યારથીજ વિનયને તજી દઇને તારી આજ્ઞાથી વિમુખ વર્તે છે; અને તારી વહુઓ પણ યૌવનવડે ઉન્મત્ત ચિત્તવાળી થઇ સતી પોતાના આત્માને બહુ માનતી સતી તારી ભક્તિ કરતી નથી. ખરેખર પોતાનું આયુષ્ય કેટલું છે તે છદ્મસ્થ જીવો જાણી શકતા નથી તેથી વખતે હમણાં પણ મરણ થાય અને વખતે બહુ કાળ પર્યંત જીવી પણ શકાય. તેથી જો વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય તો જેમાં સર્વ ક્રિયા પરાધીનપણે રહેલી છે એવી તે અવસ્થા દ્રવ્યવાનને પણ દુઃખે નિર્વાહ થઇ શકે એવી છે તો નિર્ધનની તો વાતજ શી કરવી? તેથી આગળ ઉપર તને વિશ્રાંતિ મળવા માટે આ હજાર સોનૈયા આપું છું તે તું છાના તારી પાસે રાખજે અને આ હકીકત હે પ્રિયા! તું તારી વહુઓમાંથી કોઇને પણ કહીશ નહીં."

આ પ્રમાણે તેણે બધી વાત ગુપ્તપણે કરી પરંતુ ભીંતની અંતરે રહેલી તેની વચલા પુત્રની નિકૃતિ નામની વહુએ બધું બરાબર સાંભળ્યું.

એકદા ફરીને એકાંતમાં શ્રેષ્ઠિએ **અગ્નિશિખાને** કહ્યું કે હે વાલે! આ એક હજાર દિનાર હું ભૂમિમાં ગોપવું છું તે તું જો. કદી વિશૂચિકા (કોલેરા) જેવા આકસ્મિક રોગથી અથવા વિષાદિકથી મારું અકસ્માત મરણ થાય તો પરલોકના માર્ગમાં ચાલનારા પંથીને સુકૃત રૂપ શંબળ થાય તેવા શુભનિમિત્તમાં તેનો વ્યય કરીને તેનું ભાતું તું મને બંધાવજે. પુત્રોની અવગણના કરીને પણ હે કાંતા! તને સંપૂર્ણ વિશ્વાસથી આ ગુપ્ત હકીકત કહું છું કારણ કે સ્ત્રી ભર્તાર સમસુખ દુઃખવાળા હોય છે; અર્થાત્ પરસ્પર એક બીજાના સુખે સુખી અને દુઃખે દુઃખી થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણેની હકીકત રૂદ્રદેવે છાની રીતે પોતાની પ્રિયાને કહી છતાં પણ ભીંતને અંતરે રહેલા તેના કુરંગ નામના પુત્રે આદ્યંત તે વાત સાંભળી.

એકદા નિકૃતિ અને સંચયા બંને વહુ એકઠી થઈ. એટલે નિકૃતિએ પોતે સાંભળેલી વાત તેને કરી સંભળાવી. પછી બંને એ મળીને નિર્ણય કર્યો કે " આપણે કોઈ પણ રીતે સાસુને ભોળવીને સાસરાએ આપેલું દ્રવ્ય પડાવી લેવું અને પછી સમભાગે વેંચવું." આ પ્રમાણેનો નિર્ણય કરીને એક વખત પોતાની સાસુ પાસે જઇ કપટવડે આંખમાં આંસુ લાવીને તે બંને કહેવા લાગી કે. "હે માતાજી ! અમારી જેઠાણી શિક્ષા તો ગર્વવડે મદોન્મત્ત થયેલી હોવાથી તમારો સ્નાન અભ્યંગનાદિ વડે સત્કાર કરતી નથી તેજ પ્રમાણે અમે પણ યૌવનવડે ઉન્મત્ત ચિત્તવાળી આજને આજ સુધી તમારો સ્નાનાદિવડે સત્કાર કર્યો નથી. પરંતુ હમણાં તે વાત વિચારમાં આવતાં પશ્ચાત્તાપ રૂપ અગ્નિવડે અમારો આત્મા બળી જાય છે તેથી તેને આપનો સત્કાર કરવા રૂપ જળવડે શાંત કરવા ઇચ્છીએ છીએ."

આ પ્રમાણે કપટ યુક્ત વચનવડે સાસુના મનને વશ કરીને પહેલે દિવસે નિકૃતિએ સ્નાન અભ્યંગન પૂર્વક તેને સારી રીતે ભોજન કરાવ્યું. બીજે દિવસે સંચયાએ પણ અત્યાદર પૂર્વક ઘેબર વિગેરે પકવાનો વડે તેની ભક્તિ કરી. આ પ્રમાણે એકાંતરે તે બંને વહુઓએ વધતી વધતી અધિકતા વડે સાસુની ભક્તિ કરવા માંડી. તે બંને વહુઓના કૃત્રિમ વિનયે કરીને સાચા દિલની ભક્તિવડે વશ થાય તેમ વશ થઇ સતી અગ્નિશિખા વિચારવા લાગી કે—" કેટલીએક વહુઓ શોકની જેમ અહર્નિશ સાસુના છીદ્ર જોવામાં તત્પર હોય છે એટલુંજ નહીં પણ સર્વદા કલહ કર્યા કરે છે. કેટલીએક વહુઓ સાસરાના ઘરમાં આવે છે કે તરતજ પોતાના પતિને ખોટી વધતી વાતો કરીને સ્વચ્છંદપણે પોતાને વશ કરી તેના માબાપથી જુદો પાડે છે. આવી વહુઓ તો સ્થાને સ્થાને હોય છે પરંતુ સાસુમાં, ભર્તારમાં અને નણંદ પ્રત્યે સ્નેહવાળી, વિનય કરવામાં ઉદ્યુક્ત અને સાક્ષાત દેહધારી લક્ષ્મી હોય તેવી વહુઓ તો કવચિતજ દૃષ્ટિએ પડે છે. પરંતુ પૂર્વના પુણ્યવડે કુલીન, શીળસંપન્ન અને સુશ્રુષા કરવામાં ઉદ્યમવાળી આ બે વહુઓ મને મળી છે. સ્ત્રી જાતિને અદ્વિતીય વિશ્વાસના સ્થાનરૂપ અને પુત્ર કરતાં પણ વિશેષ તેઓને આનંદ આપનારી પુત્રીઓ પુણ્યવડે પ્રાપ્ત થાય છે. દૈવની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિકૂળતાથી તે તો મને પ્રાપ્ત થએલ નથી પરંતુ દૈવની અનુકૂળતાથી આ **નિકૃતિ** અને **સંયમા**-બે-પુત્ર વધુઓરૂપે પુત્રીઓજ પ્રાપ્ત થએલી છે. આ બંને વહુઓ જો આ પ્રમાણે યાવજ્જીવ પર્યંત સુશ્રુષા કરનારી મળી આવી છે તો મારા પતિએ ગુપ્તપણે આપેલું આ દ્રવ્યને વિભાગ આપવાના હેતુભૂત દ્રવ્ય હવે ગુપ્ત રાખવાનું મારે શું કામ છે? આવી ભક્તિનિષ્ઠ વહુઓથી કાંઇપણ ગોપવવા યોગ્ય નથી માટે આ બંનેને તે ગોપવેલો નિધિ બતાવું. કદી મને અકસ્માત્ મૃત્યુ પ્રાપ્ત થઇ જાય તો આ બંને વહુઓનું ભક્તિ ઋણ મારે માથે રહી જાય માટે એ દ્રવ્યનું સ્થાનક બતાવીને હું તેમની ભક્તિની ઋણી થાઉં. મારી મોટી વહુ શિખાએ તો સર્વ કાર્યમાં અહંકારથી મને તજી દીધેલી છે તેથી તેને મારે કાંઇ આ દ્રવ્યનો વિભાગ આપવા જેવું નથી."

આ પ્રમાણેનો **નિકૃતિ** ને **સંયમા**ની કૃત્રિમ ભક્તિમાં સપડાયું માનનારી **અગ્નિશિખાએ** વિચાર કર્યો. જુઓ માયાની પ્રબળતા! તે કેવી ઠગારી છે!

અપૂર્ણ.

---

# મુનિરાજ શ્રી વલ્લભ વિજયજીએ ડાકતર હોર્નલને લખેલો હિતોપદેશ.

અનુસંધાન પૃષ્ઠ ૨૭ થી.

અર્થ યા ધન પ્રાપ્ત કરનેકા સાર યહી હૈ, જો સુપાત્રમેં દાન દેના. કિંતુ ધન પૈદા કરકે સંચય કરકે જમીનમેં ગાડકે પ્રાર્થના કરની કિ 'હે ઈશ્વર! ઐસા કરિયો જો મેરે જીવતે જીવતે યહ ધન મુઝે કાઢના ન પડે!!' તથા માંસ ભક્ષણમેં, સરાબ પીનેમેં, પરાઈ સ્ત્રી ગમન કરનેમેં, વેશ્યા ગમન કરનેમેં, ઇત્યાદિ અનેક પ્રકારકે પાપોંમેં ધન લગાના સો ધન પ્રાપ્ત કરનેકા સાર નહી હૈ. કિંતુ પ્રાપ્ત કીયેહુએ ધનકું આપની શક્તિકે અનુસાર ધર્મ કાર્યમેં લગાના ચાહિયે. ક્યોંકિ ઇસ જીવકા જિતના ધન ધર્મમેં લગતા ઉતનાહી સફલ હૈ બાકી સર્વ અનર્થકા-સંસારકા કારણ હૈ. ઇસ વાસ્તે અપની શક્તિ હોવેતો અપની ઋદ્ધિકા ચૌથા હિસ્સા જરૂર ધર્મ કાર્યમેં લગાના ચાહિયે. યદિ ઇતની શક્તિ ન હોવેતો દશવા હિસ્સાતો અવશ્યમેવ લગા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાહિયે. શ્રી સ્થાનાંગ સૂત્રકે સાતમે સ્થાનકે ચોથે ઉદ્દેશેમેં "શ્રાવક" ઇસ પદકા વ્યાખ્યાન લિખા હૈ, તિસમેં લિખા હૈકિ 'ગુણવાલે સાત ક્ષેત્રોંમેં જો અપના ન્યાયોપાર્જિત ધન બોવે-લગાવે તિસકો "વ" કહતે હૈ. અર્થાત્ શ્રાવક શબ્દકો સહી નહીં સમઝના ચાહિયે કિ 'યહ શ્રીમાલી અગરવાલ ઓસવાલ વગેરે જૈનીયોંકા નામ હૈ' કિંતુ જો ઇસ શ્રાવક શબ્દકે અર્થ સહિત હોવે સોહી અસલી ધર્મી ગૃહસ્થી જૈની હૈ. શેષ તો નામ માત્ર ધારક હૈ. ઇકે ગોપ કોટવાલ. ઇસ વાસ્તે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, જિન પ્રતિમા, જિન મંદિર, ઔર જ્ઞાન રૂપ સાત ક્ષેત્રોમેં અપના ન્યાયોપાર્જિત ધન લગાના સોહી સુપાત્ર દાન હૈ; ઔર સોહી ધન પાનેકા સાર હૈ. તીર્થ યાત્રા ઔર પ્રતિષ્ઠા કરાની યહભી સુપાત્રમેં ગિને જાતે હૈ. ઇસિ વાસ્તે નવ ક્ષેત્રભી કહે જાતે હૈ.

દાનકે પાંચ ભેદ હૈ—સુપાત્રદાન (૧) અભયદાન (૨) અનુકંપાદાન (૩) ઉચિતદાન (૪) કીર્તિદાન (૫)

સુપાત્ર દાનકા સ્વરૂપ લિખ દિયા હૈ. (૧)

અભયદાન ઉસકો કહેતે હૈ જો અપની શક્તિકે અનુસાર ધન લગાકે અથવા અન્ય કિસી પ્રકારસેં મરતે હુવે જીવકો બચાવના. જૈસેં પીંજરાપોલ આદિ બનાય કે, કસાઇ આદિકે પાસસેં જીવ છુડાયકે, તિન જીવોંકી આયુ પર્યંત રક્ષા કરે હૈ. ઐસેહી કષ્ટાદિકસેં મરતે હુવે મનુષ્યકો જીવિતદાન દેના સો અભયદાન કહા જાતા હૈ, (૨)

અનુકંપાદાન ઉસકો કહેતે હૈકિ કિસી ભૂખે, પ્યાસે, લૂલે, પાંગુલે, દીન, અનાથ, ગરીબ, દુઃખીકો દેખકે તિસપે દયા કરની. અન્નાદિ દેકે તિસકા દુઃખ દૂર કરના. યદિ અપની શક્તિ ન હોવેતો મનમેં ઐસી ભાવના ભાવેકિ, મૈં ક્યા કરૂં ? મેરી શક્તિ નહીં હૈ, યદિ મેરી શક્તિ હોતીતો જિસ કિસી તરેંભી ઇસકા દુઃખ દૂર કરતા; ઐસે વિચારકે અન્ય કિસીકે પાસસેંભી અપના જોર લગેતો લગાયકે દુઃખી જીવકા દુઃખ દૂર કરના.

यतः ॥ नव दारं पिहावेइ भुंजमाणो सुसावउ ॥
अणुकंपा जिणंदेहिं, सड्ढाणं न निवारिया ॥१॥
दट्ठुण पाणिनिवहं, भीमे भवसायरं दुरकत्तं ॥
अविसेसअणकंपं, दुहावि सामथ्थओ कुणइ ॥ २ ॥

For Private And Personal Use Only

ભાવાર્થઃ—શ્રાવક ભોજન કરતા હુઆ દરકા દરવાજા બંધ નહીં અર્થાત્ બંધ ન કરે. ક્યોંકિ અનુકંપાદાન, શ્રાવકોકું જિનેશ્વર ભગવાનને મના નહીં કરા હૈ. ઇસ ભયાનક સંસારમેં દુઃખ પીડિત જીવોંકો દેખકે વિશેષ રહિત દ્રવ્ય ઔર ભાવ દોનો તરેસેં અનુકંપા કરે. જીનમેં દ્રવ્યસેતો યથા યોગ્ય અન્નાદિ દેવે, ઔર ભાવસેં ઉનકો સન્માર્ગમેં પ્રવર્તાવે. ઇતિ. ઇસ વાસ્તે અર્થ (ધન) પ્રાપ્ત કરનેકા યહી સાર હૈ, જો દાનાદિ ધર્મમેં લગાના.[1]

તથા વચન પાનેકા ફલ યહ હૈ જો સબસેં પ્રીતિભાવ રખકે, મીઠે વચન બોલકે, પ્રીતિયુક્ત મિત્રાચારી રખની. કિંતુ ગાલીયાં દેની, જુઠા આલ ( કલંક ) દેના, નિંદા કરની, જુઠ બોલના, જુઠી ગવાહી ( સાક્ષી ) પુરની, ઇત્યાદિ વચન પાનેકા ફલ નહીં હૈ.

यतः ॥ वरं मौनं कार्यं न च वचनमुक्तं यदनृतं ॥
वरं प्राणत्यागो न च पिशुन वाक्येष्वभिरुचिः
वरं न्यस्तो हस्तः फणिपति मुखे तीव्र दशने
वरं वन्हीपात स्तदपिन कृतश्शील विलयः ॥१॥

ભાવાર્થઃ—મૌન રહેના તો અચ્છા હૈ પરંતુ અસત્ય વચન બોલના અચ્છા નહીં હૈ. પ્રાણ ત્યાગ કરના અર્થાત્ મરજાનાતો અચ્છા હૈ પરંતુ પિશુન વચનમેં રૂચિ કરની અર્થાત્ ચુગલખોરપણા કરના અચ્છા નહીં હૈ. તીવ્ર દાઢાવાલે સર્પકે મુખમેં અપના હાથ પ્રવેશ કરના તથા અગ્નિમેં ઝંપાપાત દેનાતો અચ્છા હૈ પરંતુ અપને શીલ-બ્રહ્મચર્યકા નાશ કરના અચ્છા નહીં હૈ.

तथा ॥ लोभश्चेदगुणेनकिं पिशुनता यद्यस्ति किंपातकैः ।
सत्यं चेत्तपसाच किं शुचिमनो यद्यस्ति तीर्थेन किं ॥
सौजन्यंयदि किं निजैः स्वमहिमायद्यस्ति किं मंडनैः
सद्विद्यायदि किं धनैरपयशोयद्यस्ति किं मृत्युना ॥ १ ॥

ભાવાર્થઃ—યદિ જિસ પ્રાણિમેં લોભ હૈ તો તિસમેં ઔર અવગુણોંકી ક્યા જરૂર હૈ ? અર્થાત્ તિસમેં સબહી અવગુણ આગયે. ક્યોંકિ, સબ પાપોંકા મૂલ પ્રાયઃ લોભ હૈ " लोभ मूलानि पापानि इति वचनात् " યદિ

૧ ઉચિત દાનને કીર્તિદાનનું સ્વરૂપ પ્રગટ હોવાથી અહીં લખ્યું નથી.

પ્રાણિમેં પિશુનતા-ચુગલખોરપણા હૈ તો ઔર પાપોંકી ક્યા જરૂર હૈ ? યદિ સત્ય બોલના રૂપ ગુણ હૈ તો તપ કરનેકી ક્યા જરૂર હૈ ? ક્યોંકિ સત્ય બોલનાહી પરમ તપ હૈ. યદિ મન પવિત્ર હૈ તો તીર્થાટન કરનેકી ક્યા જરૂર હૈ ? ક્યોંકિ તીર્થ યાત્રા પ્રાયઃ અંતઃકરણકે શુદ્ધકરને વાસ્તેહી હૈ; સો અંતઃકરણ તો પહિલેસે શુદ્ધ હૈ. ઇસી વાસ્તે લૌકિકકિંવદંતિભી હૈ કિ. " मनचंगा कठौति मांही गंगा[1] " યદિ સબકે સાથ સૌજન્ય પણા હૈ અર્થાત્ કિસીકિ સાથભી જિસકા વૈર વિરોધ નહી હૈ તો ઉસકો અપને સ્વજનોંકી ક્યા જરૂર હૈ ? ક્યોંકિ સબહી જન તિસકે સ્વજન હૈ યદિ જગતમેં અપની મહિમા હૈ તો મંડન કરનેકા અર્થાત્ આભૂષણાદિક પહિરનેકી ક્યા જરૂર હૈ ? ક્યોંકિ ગેહને જો પહિરને હૈ સો માન બડાઇ કે વાસ્તે હૈ ઔર સોતો પહિલેહી હોરહી હૈ. યદિ ગેહને પહિરને સેંહી મહિમા હોતી હોવેતો વેશ્યા ( કંજરી )કી મહિમા અધિક હોની ચાહિયે પરંતુ હોતી નહી હૈ; કિંતુ ઉલટી સજ્જન પુરૂષોમેં હાંસી હોતી હૈ. ઇસ વાસ્તે ગેહને પહિરનેસેંહી જગતમેં મહિમા નહી હોતી હૈ કિંતુ ગુણોંસેંહી હોતી હૈ.

**यतः । गुणाः सर्वत्र पूज्यंते, पितृवंशो निरर्थकः**
**वासुदेवं नमस्यंति, वसुदेवं न को जनः ॥१॥**

ભાવાર્થઃ—ગુણોંકી હી સર્વ જગે પૂજા હોતી હૈ, ઇસિ વાસ્તે પિતાકા વંશ પ્રાયઃ નિષ્ફલ હૈ. ઇસિ ઉપર દ્રષ્ટાંત દિખાતે હૈ. યથા વાસુદેવ-કૃષ્ણ મહારાજકો બહુત લોક નમસ્કાર કરતે હૈ પરંતુ વસુદેવ કૃષ્ણ મહારાજકે પિતાકો કોઇભી નમસ્કાર નહીં કરતા હૈ. ઇસ વાસ્તે પ્રાણિકો ગુણકી પ્રાપ્તિ કરની ચાહિયે. ઔર જિસમેં ગુણ હોતે હૈ ઉસકી મહિમા જગતમેં સ્વયમેવહી હોતી હૈ. તો ફેર ઉસકો મંડન કરકે ક્યા કરના હૈ? યદિ સદ્વિદ્યા યથાર્થ જ્ઞાન પ્રાણિકે પાસ હૈ તો ફેર ઉસકો અન્ય ધનકી ક્યા જરૂર હૈ? ક્યોંકિ સદ્વિદ્યા ઔર ધન યેહ દોનોં એક સરિખે નહી હૈ. કિંતુ ધનસેંભી સદ્વિદ્યા અધિક તર હૈ.

**यतः । विद्वत्त्वं च नृपत्वं च, नैव तुल्यं कदाचन ॥**
**स्वदेशे पूज्यते राजा, विद्वान् सर्वत्र पूज्यते ॥१॥**

---

૧ જો મન નિર્મળ છે તો તેને કથરોટમાંજ ગંગા છે. કેમકે તેને નિર્મળ થવા માટે ગંગામાં સ્નાન કરવાની જરૂર નથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થઃ—વિદ્વાનપણા ઔર રાજાપણા કદાપિ તુલ્ય નહી હોતા હૈ. ક્યોંકી રાજાકી પૂજા તો અપને દેશમેંહી હોતી હૈ ઔર સદ્વિદ્યાવાલે વિદ્વાનકી પૂજા સર્વ દેશમેં હોતી હૈ. ઇસ વાસ્તે જિસકે પાસ સદ્વિદ્યારૂપ ધન હૈ તિસકો ઔર ધનકી ક્યા જરૂર હૈ? યદિ જગતમેં અપજશ પ્રાપ્ત હુઆ હૈ તો ફેર તિસ પ્રાણિકો મરનેકી ક્યા જરૂર હૈ? ક્યોંકી વોતો જીવતા હુઆભી મરે હુવાહી હૈ.

अपिच—जंपिय प्पीयवयणं, दिज्जई दाणं किज्जई विणउ ॥
परगुणगहणं किज्जइ, मूळमंतो वशीकरणं ॥१॥

ભાવાર્થઃ—પ્રિયકારી મીઠા વચન બોલના, દાન દેના, વિનય કરના, પરકે ગુણ ગ્રહણ કરના, યહ મૂલ વશીકરણ મંત્ર હૈ. અર્થાત્ પૂર્વોક્ત કારવાઈ કરનેવાલેકે સર્વ પ્રાણિ માત્ર વશીભૂત હો જાતે હૈ; પરંતુ પૂર્વોક્ત કારવાઇને કરનેવાલે પ્રાણી ઇસ જગતમેં થોડેહી હોતે હૈ. ઔર અપને સ્વાર્થમેં તત્પર અર્થાત્ અર્થ (ધન) પૈદા કરનેમેં ઔર કામ અર્થાત્ પાંચ ઇંદ્રિયોંકે વિષયોંમેં બહુત લોક ગુલતાન (રક્ત) હોતે હૈ, ધર્મમેં ઉદ્યમ કરનેવાલે તો વિરલેહી હૈ.

यतः— छप्पय.

वो विरला संसार, आमदनी खरच संभाले;
वो विरला संसार, नेह निर्धनसे पाले;
वो विरला संसार, देखके करे अदीठा;
वो विरला संसार, जिभासे बोले मीठा;
अपणापारे जिन जपे, तन मन तजे विकार;
अवगुण उपर गुण करे, वो विरला संसार ॥२॥

ઇસકા ભાવાર્થ યહ હૈકિ અપને આય ઔર વ્યયકી સંભાલ કરનેવાલે અર્થાત્ મુજકો આજ લાભ કિતના હુઆ ઔર ખરચ કિતના હુઆ—યહ લાભ ઔર ખરચ સાંસારિક નહી સમજના. ક્યોંકિ સાંસારિક લાભ ખરચકા હિસાબ તો સર્વ પ્રાણિ માત્ર પ્રાયઃ કરકે કરતે હી હૈ—પરંતુ મેરી ઉમરકે કિતને વર્ષ, માસ, પક્ષ, દિન, ઘંટે, (કલાક) વ્યતીત હુએ તિનમેં કિતના કાલ મેંને ધર્મ કિયા ઔર કિતના કાલ મેંને સંસારમેં ખર્ચ કિયા. ક્યોંકિ જિતના કાલ મેરા ધર્મમેં લગા વોતો સફલ હૈ ઔર શેષ નિષ્ફલ હૈ. આશ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યા ચૌવીસ કલાકકે દિન રાત્રિમે, મૈને કિત્તને કલાક ધર્મમે લગાકે લાભ પ્રાપ્ત કિયા; ઐસા હિસાબ કરનેવાલે પ્રાણી ઇસ જગત્‌મેં વિરલે અર્થાત્ થોડેહી હૈ. તથા નિર્ધન પ્રાણિયોંસે સ્નેહ અર્થાત્ મિત્રાચારી રખનેવાલે પ્રાણિભી ઇસ સંસારમેં થોડેહી હૈ. ક્યોંકિ વે અપને મનમે ઐસા માનતે હૈકિ નિર્ધનસેં સ્નેહ કરેંગે તો કદાપિ તિસકો ધન આદિસેં મદદ દેની પડેગી, પરંતુ વે યહ નહી વિચારતે હૈકિ યહ ધન કિસી પરોપકારમેં લગ જાના તો અચ્છા હૈ. ક્યોંકિ લક્ષ્મી તો ચપલ હૈ; આજ હૈ ઔર કાલ નહી હૈ. મેરા પુણ્ય પ્રબલ હૈ તો કિતનાહી ધન ધર્મ પરોપકાર આદિમે લગાઉં, કદાપિ ખૂટના નહી; ઔર મેરા પુણ્ય પ્રબલ નહી હૈ તો મૈં ધર્માદિકમે નહી ખરચુંગા તોભી ખૂટ જાયગા; ઇસ વાસ્તે મૈં અપની શક્તિકે અનુસાર દીન ગરીબ આદિકા ઉદ્ધાર કરૂં અન્યથા મેરા મનુષ્ય જન્મ નિષ્ફલ ચલા જાયગા; ઔર ધનતો યહાંહી રહ જાવેગા. મૈંતો કેવળ અપને હાથકે પૈદા કરે હુવે પુણ્ય પાપરૂપ દો રૂપૈયે પરભવમે સાથ લે જાઉંગા; ઔર તદનુસાર વહાં સુખ દુઃખરૂપ ક્યાબ્યા પ્રાપ્ત કરૂંગા. ઇત્યાદિ વિચારકે નિર્ધનકે સાથ સ્નેહ કરનેવાલે, થોડેહી પ્રાણી ઇસ સંસારમે હૈ. તથા કિસીકા અવગુણ દેખકે અણદેખા કરનેવાલેભી પ્રાણી ઇસ સંસારમે થોડેહી હૈ. અર્થાત્ કિસીકા અવગુણ દેખકે મનમે યહ વિચારતે હૈકિ હે ચેતન ! સંસારિ જીવ અનાદિ કાલકા અનેક અવગુણોંસે ભરા હુવા હૈ, ઇસ વાસ્તે તું કિસીકે અવગુણોંકી તરફ ખ્યાલ ન કર, કિંતુ જિસ કિસીમે કોઇ ગુણ દેખે તો ઉસકો ગ્રહણ કર, ઔર ઉસકે ગુણકી પ્રશંસા કર. જિસસેં તેરેકો ઔરભી ગુણ ગ્રહણ કરનેકા ઉત્સાહ હોવે ઐસા વિચારને વાલેભી ઇસ સંસારમે થોડેહી હૈ. તથા જુબાન (જીહ્વા)સેં હિતકારિ, પ્રમાણ સંયુક્ત, મિત, મીઠે વચન બોલને વાલેભી ઇસ સંસારમે થોડેહી હૈ. તથા અપને આત્માકો વશ કરનેવાલે, રાગદ્વેષ રહિત ભગવાન્ તીર્થંકર કે જાપ કરનેવાલે, તનમનકે વિકાર ત્યાગ કરનેવાલે, ઔર અવગુણ ઉપર ગુણ કરને વાલે, ઐસે પ્રાણીભી ઇસ સંસારમે થોડેહી હૈ. અબ મૂલકાવ્ય "बुद्धेःफलं" ઇત્યાદિકા સંક્ષેપાર્થ તાત્પર્ય લિખતે હૈ —બુદ્ધિ પાનેકા ફલ યહી હૈ જો નિષ્પક્ષપાત હોકે તત્વ પદાર્થકા વિચાર કરના. (૧) શરીર પાનેકા સાર યહી હૈકિ પાપ પ્રવૃત્તિસેં હટ જાના; ઔર વ્રત ધારણ કરના. (૨) અર્થ-ધન પાનેકા સાર યહી હૈ જો સુપાત્રમે લગાના. (૩) વચન પાનેકા ફલ યહી હૈ જો મીઠે વચનોંસેં સર્વ કે સાથ પ્રીતિ કરની. (૪) ઇતિ ॥

For Private And Personal Use Only

## મોહ શું કરે છે?

આ સંસારમાં સર્વ પ્રાણીને પરિભ્રમણ કરાવનાર "મોહ" કહેવાય છે તો તેનું પ્રબળ કેટલું છે? અને તે શું કરે છે? તે જાણવા માટે આ નીચે તેના પરાક્રમનું ટુંક અને સાદું સ્વરૂપ બતાવ્યું છે.—

**મોહ**, પ્રાણીને-રાગદ્વેષાદિ દોષ યુક્ત, જેની પાસે પ્રગટપણે મોહનો આવિર્ભાવ બતાવનાર સ્ત્રી રહેલ હોય છે અને જેની પાસે દ્વેષનો પ્રગટ આવિર્ભાવ બતાવનાર શસ્ત્રો હોય છે તેમજ જેઓ હજુ પોતાનું અપૂર્ણપણું સૂચવનાર માળાવડે અન્ય-પોતાથી ઉત્કૃષ્ટ દેવનો જાપ જપે છે તેનામાં દેવપણું સમજાવે છે. સ્ત્રી અને દ્રવ્યાદિકના પ્રગટ પરિગ્રહવાળા, સંસારમાં આસક્ત છતાં અનાસક્તપણાનું ડોળ બતાવનારા અને ઇંદ્રિયોના વિષયમાં ચકચૂર એવા નામધારી ગુરૂને વિષે ગુરૂપણું **મોહ** સમજાવે છે અને તેની તન, મન, ધનથી ભક્તિ કરવાનું પણ **મોહજ** શીખવે છે. અનેક પ્રકારની અસત્યતાએ ભરેલા, પૂર્વાપર વિરોધી, અને જેના કથન કરનાર પુરૂષોની આપ્તતા સિદ્ધ થઇ શકતી નથી, તેવાના કહેલા ધર્મમાં ધર્મ બુદ્ધિ મોહ કરાવે છે. ગમે તેવા પણ પોતાને જન્મથી પ્રાપ્ત થયેલા ધર્મમાં આગ્રહી બુદ્ધિ **મોહજ** કરાવે છે. પુત્ર પ્રાપ્તિ વિગેરે અનેક કારણોને માટે ન માનવા યોગ્ય દેવની માનતા **મોહજ** કરાવે છે એટલુંજ નહીં પણ જેમની ભક્તિવડે અનંત સુખમય મોક્ષની પ્રાપ્તિ થઇ શકે એવા અરિહંતદેવની પણ ચિંતામણી રત્નની પાસે નિસ્સાર વસ્તુ માગવા જેવી [illegible] [illegible] માનતા **મોહજ** કરાવે છે. ધર્મક્રિયા કરવામાં પણ ઇહલોકાદિક વાંછા **મોહ** કરાવે છે. કદી સર્વજ્ઞોક્ત સ્યાદ્વાદ માર્ગની પ્રાપ્તિ થાય તો તેમાં શંકા કાંક્ષાદિ પણ **મોહજ** કરાવે છે. શાસ્ત્રાભ્યાસના તેમજ બુદ્ધિના અલ્પપણાથી કોઇ હકીકત પોતાના સમજવામાં ન આવે તો તેમાં પોતાની અલ્પજ્ઞતાનો વિચાર ન આવવા દેતાં શાસ્ત્ર વચનમાંજ વિપરીત ભાવ **મોહ** કરાવે છે. આવા આવા કારણોવડે અનંતકાળ પર્યંત પરિભ્રમણ કરાવનાર મિથ્યાત્વની પુષ્ટિ **મોહ કરે છે.**

મોહ ક્ષણમાત્રમાં પોતાની દશાને ભૂલાવી દઇ [illegible] કરવા માટે કોઇની ઉપર આક્રોશ કરાવે છે. ઘણા કાળની પ્રીતિને **મોહ** ક્ષણવારમાં તોડી નાખે છે. કોઇપણ પ્રકારની વિશેષતા પ્રાપ્ત થતાં તેના પણ પોતાની હલકાઇ કરાવનારૂં અભિમાન **મોહજ કરાવે છે.** કદી કોઇ પ્રકારની સારી દશા પ્રાપ્ત થઇ હોય તો તેનાથી પાછી હઠવા માટે [illegible] **મોહજવડે**

થાય છે. અનેક પ્રકારના છળ પ્રપંચ કરીને દ્રવ્યોપાર્જનાદિ કાર્યમાં મોહજ પ્રેરે છે. બીજાને ઠગવાની વાંછાવડે પોતાના આત્માનેજ ઠગવારૂપ કાર્ય મોહજ કરાવે છે. પોતાના અછતા ગુણને પ્રગટ કરવા માટે તેમજ પારકા છતા ગુણને ઢાંકી દેવા માટે અહર્નિશ પ્રયત્ન મોહની પ્રેરણાથીજ થાય છે. શુભ નિમિત્તને [illegible] છતાં પણ સ્ત્રી તીર્યંચાદિ ગતિનો બંધ મોહજ પોતાના માયા નામના સુભટ મારફત કરાવે છે. અનેક પ્રકારના પાપ કર્મનો પ્રતિબંધ કરાવનાર વિષ શસ્ત્રાદિકના વ્યાપાર લોભ નામના બળવાન સુભટને મોકલીને મોહજ કરાવે છે. કોઇપણ વ્યાપારાદિવડે દ્રવ્ય પ્રાપ્તિ થવાનો સંભવ હોય તો તેમાં સતાના, પ્રમાણિકપણું કે સદાચાર, સુજન, નિઃસ્પૃહિ જનોની ગણના કરવાની જરૂર નથી એમ ગુપ્તપણે મોહજ સમજાવે છે. સ્ત્રી, પુત્ર, પરિવાર, ધન, મકાન અને દેહ સુધાં અસ્થિર-અનિત્ય અને ક્ષણ માત્રમાં વિનાશ પામવાના ધર્મવાળા છતાં તેમાં સ્થિરપણાની, નિત્યપણાની અને શાશ્વત જીવીત અવિનાશી પણાની બુદ્ધિ મોહજ કરાવે છે. ધર્મ વ્યવહાર અને વાસ્તવિક લોક વ્યવહારાદિકને બાજુપર મુકી દઇને માત્ર લોભના પરવશપણાથી દુર દેશમાં ગમન મોહજ કરાવે છે જેમના સંગથી દયા સ્વભાવ શિથિળ થાય, ઇન્દ્રિયોના વિષય પુષ્ટ થાય, મહા આરંભ અને મહા પરિગ્રહાદિ કાર્યોમાં પ્રવર્તતાં પાપનો ભય કુંઠીત થઇ જાય, તેવાઓનો અહર્નિશ સંગ મોહજ કરાવે છે. મનુષ્ય તરીકે સમાનતા છતાં તેઓમાં, કુળમાં, બાહ્ય રચનામાં, બોલવા ચાલવામાં અને અનેક ક્રિયામાં અભિમાનીપણું પ્રગટ કરવાનું મોહજ શીખવે છે, શુભ નિમિત્તનું માત્ર આલંબન પકડીને અનિતિમાં પ્રવર્તતી વખતે મોહનીજ શિખામણથી આ પ્રાણી પાછું વાળીને જોતો નથી.

હાંસી કરવાની ટેવ અને તેના પરિણામે કેટલીએક વખત પરસ્પર દ્વેષ બુદ્ધિનો ઉદ્દય મોહવડેજ થાય છે. કૌતુકો જોવાની તીવ્ર ઇચ્છા અને અનેક પ્રકારની તંત્રક્રિયાવડે બનતા બનાવોથી ચકીત થઇ જવું તે, તેમજ તેવા ચમત્કાર કરનારાઓમાં પૂજ્ય બુદ્ધિ વિગેરે મોહના પ્રભાવથીજ થાય છે. ઇંદ્રિઓના વિષય જે કે પરિણામે વિષ તુલ્ય છે તેમાં આનંદ મોહજ મનાવે છે. રસેંદ્રિના પોષણ માટે અભક્ષ પદાર્થો ખાવાની બુદ્ધિ તેમજ બરફ સોડાવોટર આઇસક્રીમ વિગેરે હાલમાંજ પ્રજાના સંગવડે પ્રચલિત થયેલા પદાર્થો ખાવાની તીવ્ર અભિલાષાથી જ્યાંત્યાં નિર્લજ્જપણું મોહજ શિખવે છે. સ્પર્શેન્દ્રિના તીવ્ર અભિલાષથી સુખસય્યામાં સુવાની તેમજ સ્ત્રીઆદિકના આલિંગનની ઇચ્છા મોહજ કરાવે છે. [illegible] અનેક રસાદિક, શ-

ક્ષ પદાર્થો કરતાં આકાશમાં ગણાતા પદાર્થોમાં વિશેષ સ્વાદીષ્ટતા મોહરાજ બ-તાવે છે. અનેક જીવોને પ્રાણહાણી ઉપજાવીને માત્ર આ નાશવંત દેહને સ્વલ્પ કાળનું સુખ આપવાની બુદ્ધિવડે પુષ્પ સય્યા, પુષ્પહાર અનેક પુષ્પ ગોટાઓનો ઉપભોગ મોહરાજ કરાવે છે. સહોદરી તુલ્ય ગણવા યોગ્ય અન્ય સ્ત્રીઓ-ની ઉપર વિકાર યુક્ત દ્રષ્ટિવડે જોવાનું મોહરાજ શીખવે છે. પોતે અનિતીમાં ડુબે-લા લોકોને નાટકાદિ પ્રસંગે નિતીનો દેખાવ માત્ર કરનારા અને જોનારાઓનું દ્રવ્યાદિક હરણ કરીને તેના મોટા ભાગને પરસ્ત્રી લંપટ પાડે. જુગાર, ચોરી વિગેરે અનિતિને માર્ગે ચડાવનારા નાટકકારોના નાટકોને જોવાની પ્ર-શંસાથી 'એવો નિતિને શીખવનારૂં પ્રબળ સાધન છે' એમ કહેવાનું મોહરાજ શીખવે છે. નાયકાઓના અને નાટકોના ગાયનો સાંભળવાની ઇચ્છા મોહરાજ ઉત્પન્ન કરે છે. પોતાની નિંદાનું પરોક્ષ પણે બોલાયેલું વચન પણ સાંભળ-વામાં આવતાં દ્વેષની ઉત્પત્તિ મોહ કરાવે છે. સ્ત્રી પુત્રાદિકના સંયોગમાં આનંદની માન્યતા મોહ વડેજ થાય છે. તેમના વિયોગમાં ખેદની ઉત્પત્તિ મોહરાજ કરાવે છે. અનિષ્ટ પદાર્થોના સમાગમમાં મોહરાજ ક્લેશ ઉપજાવે છે. ઇંદ્રીઓને અણગમતા વિષય પરત્વે કુત્સિત પણાનો ભાસ મોહરાજ કરાવે છે. આયુષ્ય પૂર્ણ થયે દેવેંદ્ર ચક્રવર્ત્યાદિક પણ પરલોક ગમન કરે છે એવું નિઃ-સંદેહ જાણ્યું છતાં પણ સ્વજન વર્ગમાંથી કોઇનું પણ મૃત્યુ થયે ઓછો વધતો શોક મોહરાજ કરાવે છે. તેમાં પણ કૃત્રીમ પણે શોક વૃત્તિ દેખાડવાનું મોહ-રાજ શિખવે છે અને વિશેષ પ્રિતીના પાત્ર પુત્ર, મિત્ર કે સ્ત્રીયાદિકના મરણ પ્રસંગે તેમજ સ્ત્રી વર્ગને પુત્ર યા ભર્તારાદિના મરણ પ્રસંગે શોકમાં નિમગ્ન થવું, છાતી માથું કુટવું અથવા અત્યંત વિલાપ કરવો તે સર્વે બાહ્ય ચેષ્ટા મોહ જનિતજ છે. આ લોક પરલોકાદિના તેમજ અપકીર્તિ વિગેરેના ભયમાં ભ્રમિત થઇ જવાનું મોહરાજ શિખવે છે તેમજ અલ્પ લાભને મહા લાભ માન-વાનું અને લાભ રહીત સ્થાનકે પણ લાભલીન થવાનું મોહરાજ શીખવે છે. પોતાના દેહમાં અનેક પ્રકારની અશુચિ ભરેલી છતાં બાહ્ય સાધારણ અશુચિ દેખીને પણ નાક મરડવાનું મોહ સમજાવે છે. વળી મોહ તાત્વિક પણે શુચિ અશુચિનો વિચાર કરવાથી વિમુખ રાખે છે. આવી રીતે અનેક પ્રકા-રની મોહજન્ય કદર્થના પ્રાણી અનુભવે છે.

વળી સ્ત્રી સંયોગમાં તીવ્ર અભિલાષા મોહ કરાવે છે. વિષય બુદ્ધિ વૃદ્ધિ પામે તેવા અનેક પ્રકારના આસનો મોહરાજ યોજાવે છે. કેટલીક પ્રકારના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિયમવિના સ્ત્રી સેવનની અવિચ્છિન્ન તત્પરતા **મોહજ** કરાવે છે. **સ્વસ્ત્રીમાં** અતૃપ્તિ ઉત્પન્ન કરાવીને પરસ્ત્રીની અભિલાષા **મોહજ** કરાવે છે. પરસ્ત્રી લંપટ થયેલા અનેક મનુષ્યોને ચાંદી, પ્રમેહ, વિસ્ફોટક, સંધી વાયુ વિગેરે વ્યાધિથી પીડાતા જોતા છતાં તે સંબંધમાં નિર્ભય રહેવાનું **મોહજ** સમજાવે છે. કીર્તિ મેળવવાને માટે જન્મ પર્યંત અનેક પ્રકારનો પ્રયાસ કરતો હોય છે છતાં આવા અપકીર્તિનો અત્યંત પ્રસાર કરનારા કાર્યમાં **મોહજ** ધકેલી મુકે છે. **મોહનું** પરાક્રમ વેદોદયના સંબંધમાંતો એટલુંબધુ દુર્નિવાર છે કે તેનું વર્ણન કરવું મુસ્કેલ છે.

આ પ્રમાણે **મોહનું** પરાક્રમ સક્ષેપમાં ઉપર બતાવ્યું છે ટુંકામાં તેણે પ્રાણીના **વિવેક** રૂપ નેત્ર ખેંચી લઈને તેને અંધજ બનાવી દીધેલ છે. તે સંબંધમાં **શ્રીમદ્યશોવિજયજી** ઉપાધ્યાયે **અષ્ટક પ્રકરણમાં** કહ્યું છે કે—

**अहं ममेति मंत्रोयं मोहस्य जगदांध्यकृत् ॥**

**अयमेव हि नञ्पूर्वः प्रतिमंत्रोपि मोहजित् ॥१॥**

"આ જગતને અંધ બનાવી દેનારો **મોહ** રાજાનો મંત્ર " **હું અને મારૂં** " એટલોજ છે. એટલે આ મારા કહેવાતા સર્વ પદાર્થોનો સ્વામી **હું** છું અને તે સર્વ પદાર્થો મારા છે એવી આવારતવીક-મિથ્યા સમજણવડે તેણે આખા જગતને વિવેક નેત્ર રહીત-અંધ બનાવી દીધું છે. તે શબ્દોનીજ પૂર્વે જો નકાર જોડવામાં આવે તો તે મંત્રજ **મોહને** જીતનારો-પૂર્વ મંત્રનો પ્રતિપક્ષી મંત્ર થાય છે. એટલે પોતાના કહેવાતા સ્ત્રી, પુત્ર, પરિવાર, ઘર, હાટ, દ્રવ્ય અને દેહાદિકનો સ્વામી હું નથી, અને તે સર્વ પદાર્થો સંયોગ સ્વભાવે મળેલા છે અને વિયોગ સ્વભાવે-સ્થિતિ પરિપક્વ થયે-જુદા પડવાના છે તેથી તે મારા નથી આવી તાત્વિકપણે અંતરંગ બુદ્ધિ થાય તો તે પ્રાણી મોહને જીતે છે. અર્થાત્ તે વસ્તુના સંયોગ કે વિયોગને અવસરે **મોહ** તેને કિંચિત્ પણ કદર્થના કરી શકતો નથી. તે પ્રાણીના સ્વભાવનું પલટવા પણું થતું નથી. તે પ્રાણી તો પોતાના આત્મિક ગુણમાંજ રમણ કર્યા કરે છે. ઇતિ ભાવાર્થ.

ઉપર જણાવેલા **મોહના** પરાક્રમને તોડવા માટે વિવેકરૂપ વજ્રનીજ પરમાવશ્યકતા છે તેનું સ્વરૂપ બીજે પ્રસંગે બતાવીશું જેથી પૂર્વોક્ત સર્વ મોહંગથી સહજ વારમાં પરંતુ આત્મિક પરાક્રમવડે છુટી જશો. હાલતો પૂર્વે બતાવેલા **મોહના** પરાક્રમને જાણીને તે તે ભાવને **મોહ** કૃત જાણીને તેનાથી દૂર રહેવા પ્રયાસ કરવો એજ વાચક વર્ગ પ્રત્યે અમારી પ્રાર્થના છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# नितिवाक्यामृत.

અનુસંધાન પુ. ૨૪ ના પૃષ્ટ ૧૯૦ થી.

૧૧૫ જે કાર્યમાં ઘટે તેટલો ખર્ચ કરી શકાતો નથી એવું કાર્ય આરંભનારને મૂર્ખ જાણવો.

૧૧૬ બહુ કલેશ થાય અને ફળ અલ્પ મળે એવું કાર્ય આરંભનારને મહા મૂર્ખ જાણવો.

૧૧૭ જેના કાર્યમાં વિઘ્ન ન આવે એવો કોઈપણ પ્રાણી આ લોકમાં થયો નથી અને થવાનો પણ નથી માટે વિઘ્ન આવેલું દેખાતે કોઈપણ કાર્ય તજી દેવું નહી.

૧૧૮ હું કરીશ કે નહીં કરી શકું એવા શંશય યુક્ત ચિત્તવાળાને બાળ હૃદય વાળો જાણવો.

૧૧૯ આપત્તિ દુર હોય ત્યાં સુધી તેનો ભય રાખવો અને તે આવી પડે ત્યારે ધૈર્ય કે શૌર્ય રાખવું એ ગુણ મહા પુરૂષોનો છે.

૧૨૦ મૃદુતા યુક્ત જળ જેમ મોટા પર્વતને ભેદી નાંખે છે તેમ મૃદુ ગુણવાળો પુરૂષ પણ મોટા રાજાઓના હૃદયને ભેદી નાંખે છે. અર્થાત્ પોતાને વશ કરીદે છે.

૧૨૧ મધુર બોલનારો મયુર જેમ વિષધર સર્પોનો નાશ કરે છે તેમ મધુરભાષી માણસ પોતાના ગર્વવાન્ શત્રુઓનો નાશ કરે છે.

૧૨૨ વિપત્તિના સમાગમાં સંતાપ કરવો તે કાર્ય સિદ્ધિમાં વિઘ્ન રૂપ છે માટે તેની અસર મનપર થવા દેવી નહી.

૧૨૩ શરદ ઋતુના મેઘની પેઠે મિથ્યા ગર્જના ફળવાન પુરૂષો કરતા નથી.

૧૨૪ જેમ વડનું ઝાડ અવશ્ય ફળે છે તેમ મહા પુરૂષનું વચન પણ ફળ્યાવિના રહેતું નથી.

૧૨૫ કોઈપણ વસ્તુ સ્વભાવથીજ સુંદર કિંવા વિરૂપ છે એમ નથી પરંતુ જે જેને સારી લાગે તે તેને મન સુંદર છે.

૧૨૬ ઘણા ક્રોધવાળાની પ્રભુતા અગ્નિમાં પડેલા ઘીની પેઠે શાન્ત થઇ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી મુંબઇના ગ્રાહકોને ખાસ સૂચના.

મરકીના ઉપદ્રવને લીધે ગ્રાહક વર્ગ મુંબાઇ છોડી ગયેલ હોવાથી ગયા વર્ષના ચાર છેલ્લા અંકો બીલકુલ મોકલેલા નથી. આ વર્ષનો અંક પહેલો ને બીજો એકઠો મોકલવામાં આવ્યો છે. તે જેમને પહોંચશે (પાછો નહીં આવે) તેમને ગયા વર્ષના ચારે અંક મોકલવામાં આવશે. લવાજમ જેટલું લેણું થયું હોય તેટલું બજારકોટ ઘીપીગલીમાં શા. રતનજી વીરજીની દુકાને ભરીને પહોંચ લઇ અત્રે ખબર આપવા. આ સૂચના ઉપર જરૂર લક્ષ આપવું.

ગં.શી.

---

### તૈયાર છે. મફત મંગાવી લ્યો.

## "પ્રયોગને માટે પશુવધ કરનારૂં પાસ્ટયુર ઇન્સ્ટીટયુટ નામનું ખાતું આ દેશમાં સ્થાપવાનો હીલચાલ કેટલી વાંધા ભરેલી છે તે વિષે.

મુંબઇમાં મળેલી ગંવનર સભા સન્મુખ મી. મનસુખલાલ રવજીભાઇ આપેલા ભાષણની છાપેલી નકલો તૈયાર છે.

મુંબઇની—ધી ઇન્ડીયન એન્ટી વિવિસેક્શન સોસાયટી (પ્રયોગ માટે થતો પ્રાણીવધ અટકાવનારી હિંદુસ્થાનની મંડળી)ના ઓનરરી સેક્રેટરી.

મુ. વાલકેશ્વર બંદર.

શીરનામે લખવાથી મફત મળી શકશે.

---

### તૈયાર છે.

### નવું જૈન પચાંગ.

સંવત ૧૯૫૩ ના ચૈતરથી સંવત ૧૯૫૪ ના ફાગણ સુધી તીથી, વાર, ઇંગ્રેજી તારીખ, જૈન પર્વો, સૂર્યોદય સૂર્યાસ્ત સમય ઘાબડીઆં વિગેરે જોવાનું સહેલું સાધન.

કીંમત અરધો આનો.

For Private And Personal Use Only

## ( નીચે જણાવેલા એજંટોને લવાજમ ભરવાથી અ-

## ગને પહોચશે. )

૧ શ્રી મુંબઇ-શા. જીવનદાસ બાપુજી ધર્માલીઆલીશા રતનચંદ હીરજીની દુકાને
૨ ,, બાબુ. ચુનીલાલ હીરચંદ. હીરા બાંદી.
૩ સુરત-શા. માણેકચંદ મલકચંદ. કપુરાર બાને
૪ અમદાવાદ-વકીલ. મગનલાલ મઉચંદ રાજનગરવાળી પોળ.
,, શા. નથુભાઇ રતનચંદ. એંગ્લો વર્નાક્યુલર પ્રેસ.
૫ વીરમગામ-માસ્તર. રતનચંદ ગુલાબચંદ.
૬ વલસાડ-શા. પુનમચંદ કેશુરજી
૭ જળગામ-શા. રામચંદ જીવરાજ.
૮ કપડવંજ-પરી બાલાભાઇ ગીરધરલાલ.
૯ પાલીતાણા-ઝવેરી. લખમીચંદ ઘેલા.
૧૦ વેરાવળ-શા. કુંવરજી ગોકળ. જૈનશાળા.
૧૧ ધોરાજી-શા. વનેચંદ રવજી.
૧૨ આમરેલી-શા. વીરચંદ વનાભાઇ
૧૩ કલકત્તા-બાબુ વલભજી હીરજી. ઝવેરાતી.
૧૪ એડન-શા. સુંદરજી ઘરચંદ,
૧૫ ડભોઇ-શા. મગનલાલ વજાચંદ.
૧૬ જંબુસર-શા. ગોરધનદાસ ખાંડેરાવ.
૧૭ મહુવા-શેઠ નાનચંદ માણેકચંદ.
૧૮ સાણંદ-માસ્તર. હીરાલાલ પરશોતમદાસ.
૧૯ પુના-શા. રાઇચંદ ... ચંદ. સદર બજાર
૨૦ વડોદરા-શેઠ. મગનલાલ ચુનીલાલ. ...

---

લવાજમની પહોંચ આવતા અંકમાં આપશું